---

મહે. અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:છોટાઉદેપુર.

---

**GJCU020028582025**

ફો. કેસ નં. ૨૧૯૦/૨૦૨૫
આંક:-૦૪

---

<u>ફરીયાદી</u> :- શ્રી સરકાર...

વિરૂધ્ધ.

<u>આરોપી</u> :- ડાહ્યાભાઈ મગનભાઈ વણકર
રહેવાસી. વસેડી.
તા.જી.છોટાઉદેપુર

---

ગુનો:- પ્રોહીબીશન ની કલમ:- ૬૬(૧)(બી), મુજબ....

---

<u>-:ચુ કા દો:-</u>

૦૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામે આરોપી વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છટકો બની લથડીયા ખાતા મળી આવી, ગુજરાત પ્રોહીબીશન એકટની ધારા ૬૬(૧)બી. ની ભાષામાં સમાવિષ્ટ ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ હોઈ, જે મુજબની પોલીસ તપાસ પુર્ણ કરી અદાલત સમક્ષ ધારાસરનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

૦૨) આ કામના આરોપીને ચાર્જશીટ સાથે અદાલત સમક્ષ હાજર રખાતા, તેને બી.એન.એસ.એસ કલમ ૨૩૦ અન્વયે મળવાપાત્ર પોલીસ પેપર્સની નકલ પુરી પાડી પળી રેકર્ડ કરવામાં આવેલ, આરોપીની આંક-૦૨ થી પ્લી નોંધવામા આવી જેમાં આરોપીએ તેના ઉપર આક્ષેપિત ગુનહા સબબ કબૂલાત કરી, આંક-૦૩થી અલગથી કબુલાત પુરશીશ અદાલત સમક્ષ રજુ કરેલ. જેમાં જણાવેલ હકીકત મુજબ, તેઓ ગુન્હાની સ્વેચ્છીક કબુલાત કરે છે. તેઓ ઉપર આવા પ્રકારના ગુન્હાનો પ્રથમ આક્ષેપ છે. તેઓ ગરીબ વર્ગના, ઘરમાં એકમાત્ર કમાનાર-ભરણપોષણ કરનાર છે. તેઓ હવે બાદ આવા પ્રકારનો ગુન્હો કરશે નહિં કે કોઈ પ્રવૃતિમાં ભાગીદાર બનશે નહી. તેઓએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ, ઝગડો, અસભ્ય, વર્તન, મારા-મારી કરેલ હોઈ કે અશિષ્ટ ભાષા બોલેલ હોઈ તેવું બનેલ નથી. તેઓ તર્ફે રહેમ નજર રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. જયારે ચાર્જશીટ વંચાણે

લેતા, તેઓ ઉપર જાહેરમાં વગર પાસ પરમીટ દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો આક્ષેપ છે. જે આરોપીના ગુન્હા કબુલાતને તથા રજુ કરેલ પુરશીશને નહીં માનવાને કોઈ કારણ નથી જેથી કબુલાત સ્વીકારી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ જોગવાઈ અન્વયે,આરોપી– ડાહયાભાઈ મગનભાઈ વણકર– નાઓને ગુજરાત પ્રોહીબીશન એક્ટની ધારા ૬૬(૧)બી. મુજબના ગુનામાં તેમની સ્વેચ્છિક કબૂલાત ધ્યાને લઈ, તેમણે કસૂરવાર ઠેરવી, ગુન્હાની સજા સંદર્ભેની તેમની રજૂઆત ધ્યાને રાખી, આરોપી ને રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.

આરોપી દંડ ભરવામાં કસૂર કર્યેથી દિન-૦૭ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૨ મી જુલાઈ ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામા આવે છે.

(અમીષ પ્રફુલચંદ્ર જોષી)
અધીક .સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,
છોટાઉદેપુર
Judge Code:- GJ01446

Receipt No.-____________/2025
Received Rs. 100/- ONE hundred Rupees Only
Date-12/07/2025

Nazir

C.J.M Court Chhotaudepur